# પ્રેસનોટ

RAJKOT CITY POLICE

## આજીડેમ પો.સ્ટે. ખાતે દાખલ થયેલ અનડીટેકટ મર્ડરના ગુન્હાનો ભેદ ઉકેલતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર, આજીડેમ પો.સ્ટે. વિસ્તારમાં કોઠારીયા સોલવન્ટ ફાટક આગળ રેલ્વે પાટા પાસેથી ગઇ તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ સવારના એક ઇસમની મોઢાના ભાગે ગંભીર ઇજા થયેલ હાલતમાં લાશ મળી આવેલ હતી જે બાબતે પ્રાથમીક રીતે સદરહુ ઇસમ મનોજભાઇ પ્રતાપભાઇ વાઢેરનું મોત પ્રથમથીજ શંકાસ્પદ જણાયેલ હોય જે બાબતે આજીડેમ પો.સ્ટે. અ.મોત નંબર ૧૬૦/૨૧ થી દાખલ કરવામાં આવેલ જેની તપાસ આજીડેમ પો.સ્ટે. ખાતે ચાલુમાં હતી.

દરમ્યાન સદરહુ મરણજનારનું મોત પ્રથમથી જ શંકાસ્પદ જણાતુ હોય જેથી **રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ, સયુંકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ અહેમદ સાહેબ, નાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રવીણકુમાર મીણા સાહેબ ઝોન-૧, નાયબ પોલીસ કમિશ્નરશ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ** ઝોન-૨ નાઓએ સદરહુ બનાવ બાબતે બારીકાયથી તપાસ કરી સદરહુ બનાવ જે અકસ્માત મોતનો છે કે કોઇ અન્ય બનાવ છે તે બાબતે સચોટ તપાસ કરવા સુચનાઓ કરતા જેઓ સાહેબની સુચના અન્વયે **મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ડી.વી.બસીયા સાહેબ ક્રાઇમ તથા ક્રાઇમ બ્રાન્ચ પો. ઇન્સ. વી. કે. ગઢવીના** માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પો.સ્ટે. ની અલગ અલગ ટીમો બનાવી સદરહુ મરણજનાર મનોજભાઇ પ્રતાપભાઇ વાઢેરના શંકાસ્પદ મોત બાબતે બારીકાયથી તપાસ કરવા સુચના તથા માર્ગદર્શન આપવામાં આવેલ.

<u>મરણજનાર</u> –

મનોજભાઇ પ્રતાપભાઇ વાઢેર રહે. કોઠારીયા સોલવન્ટ સીતારામ સોસાયટી મારડીયા ફરસાણની બાજુમાં રાજકોટ

સદરહુ મરણજનારને મોઢાના ભાગે ગંભીર ઇજા હોય તેમજ તેની લાશ જે રેલ્વે પાટાથી નજીકજ મળી આવેલ હોય જેથી તેનુ મોત પ્રથમ દ્રષ્ટીએ શંકાસ્પદ જણાય આવતુ હતુ જેથી મરણજનારના મોતના ચોક્કસ કારણને જાણવા માટે મરણજનાર બાબતે રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવેલ જેમાં મરણજનાર જે કોની સાથે હરતો ફરતો તેના મિત્રો તેમજ મરણજનારની લાશ તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ મળી આવેલ હોય જે આગળના દિવસે તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજ કોની સાથે હતો વિગેરે બાબતે ઉંડાણપુર્વક તપાસ ચાલુમાં હતી પરંતુ સદરહુ બાબતે કોઇજ ફળદાયી હકિકત મળવામાં આવેલ નહી.

<u>આજીડેમ પો.સ્ટે. ગુ.ર.નંબર ૧૧૨૦૮૦૦૨૨૧૧૫૮૨ /૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૦૨ વિગત</u> -

મરણજનાર જેની લાશ રેલ્વે ટ્રેકની નજીકમાં મળી આવેલ હોય જે બનાવ પ્રથમથીજ શંકાસ્પદ જણાતો હોય જેથી મરણજનારના પરિવારજનો પણ સદરહુ બનાવ અંગે તેમની રીતે તપાસ કરવા અવાર નવાર બનાવની સ્થળે જતા જે દરમ્યાન ગઇ તા.૧૩/૧૧/૨૦૨૧ ના રોજ તેઓ બનાવ સ્થળ ખાતે હોય ત્યા એક અજાણ્યા ઇસમે આવી મરણજનારના પરિવારજનો ત્યા ઉભા હોય તેઓ શું કારણે ત્યાં ઉભા છે તે બાબતે પુછપરછ કરી અને બાદ તેણે જણાવેલ કે આ જગ્યાએથી પંદરેક દિવસ અગાઉ જે લાશ મળેલ તે ભાઇ અને બીજો એક અજાણ્યો માણસ આ બન્ને જણા રાત્રીના નવેક વાગ્યાના અરસામાં ઝઘડો કરતા હતા અને તેમાંથી

એક ભાઇએ આ મરણ ગયેલ ભાઇને મોટા પથ્થર વડે બે થી ત્રણ ઘા મોઢા ઉપર મારતા હતા તેવુ મેં થોડે દુરથી જોયેલ હતુ અને મારવા વાળો ભાઇ પાતળા બાંધાનો અને પાંચેક ફુટની હાઇટ વાળો અને આશરે ૨૫ વર્ષની ઉમરનો હતો તે બનાવ નજરે જોયેલ હોવાનુ અને બીજા દિવસે હું સવારે આ જગ્યા ઉપર ગયેલ અને ત્યાં જઇને જોયેલ તો જે માણસને પથ્થર મારેલ હતો તે ભાઇની લાશ તે જગ્યાએ પડેલ હતી અને ઘણા માણસો ભેગા થયેલ હતા તેમ મરણજનારના પરીવારજનો ને હકિકત જણાવેલ પરંતુ તે હકિકત જણાવનાર ઇસમ પોતે પોલીસની લપમાં પડવા માંગતો ન હોય પોલીસ સ્ટેશન આવવાની ના પાડેલ તથા પોતાનુ નામ સરનામુ જણાવેલ નહી અને જે બાબતે રાજકોટ શહેર આજીડેમ પો.સ્ટે. ખાતે સદરહુ બનાવ જે ખરેખર અકસ્માત મોત નહી પરંતુ ખુનનો બનાવ હોય જે મરણજનારના પત્ની ફાલ્ગુનીબેન દ્વારા બનાવ અંગે ફરીયાદ જાહેર કરતા તા.૧૪/૧૧/૨૦૨૧ ના રોજ અજાણ્યા ઇસમ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવેલ.

<u>પકડાયેલ પ્રથમ આરોપી રાજેશ પરમારની વિગત</u> -

સદરહુ ગુન્હો દાખલ થતા સદરહુ બનાવ જે પ્રથમથીજ શંકાસ્પદ હોય ક્રાઇમ બ્રાન્ચની અલગ અલગ ટીમો સદરહુ બનાવનો ભેદ ઉકેલવા માટે કાર્યરત હતી જે દરમ્યાન ફરીયાદીને માહિતી આપનાર અજાણ્યા ઇસમ તથા મરણજનારને પથ્થરના ઘા મારનાર અજાણ્યા ઇસમ બાબતે તપાસ કરવામાં આવી રહેલ હતી જે **દરમ્યાન ક્રાઇમ બ્રાન્ચના પો. સબ ઇન્સ. એમ. એમ. ઝાલા તથા પોલીસ હેડ કોન્સ. મહિપાલસિંહ ડી. ઝાલા તથા પો. કોન્સ. ચેતનસિંહ ગોહિલ નાઓ સદરહુ બનાવ અંગે તપાસમાં કાર્યરત હોય જે દરમ્યાન પો. હેડ કોન્સ. મહીપાલસીંહ ઝાલા તથા પો. કોન્સ. ચેતનસિંહ ગોહિલ નાઓને ખાનગીરાહે સચોટ હકિકત મળેલ** કે ગઇ તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજ મરણજનાર મનોજ વાઢેર જે રાત્રીના રાજેશ પરમાર રહે. પારડી ગામ તા.લોધીકા જી.રાજકોટ વાળા સાથે હોવાનુ અને જે રાજેશભાઇ પરમારએ મરણજનારને પથ્થરના ઘા મારી ગંભીર ઇજા કરી મોત નીપજાવેલ હોવાની સચોટ હકિકત મળતા સદરહુ રાજેશ પુંજાભાઇ પરમાર રહે. પારડી ગામ વાળાની ખાનગીરાહે તપાસ કરતા સદરહુ ઇસમ જે કોઇ કામ ધંધો કરતો નહી હોવાની માહિતી મળતા જે ઇસમ બાબતે તપાસ કરતા મજકુર કોઠારીયા સોલવન્ટ કાંગશીયાળી ચોકડી પાસેથી મળી આવેલ જે મજકુર **રાજેશ પુંજાભાઇ પરમાર જાતે અનુ. જાતી ઉવ. ૨૫ ધંધો કાંઇ નહી રહે. પારડી ગામ ગોંડલ હાઇવે રોડ, તા. લોધીકા જી. રાજકોટ** વાળાની પુછપરછ દરમ્યાન સદરહુ બનાવ અંગે ચોકાવનારી હકિકત ખુલવા પામેલ.

<u>રાજેશ પુંજાભાઇની પુછપરછ દરમ્યાન ખુલવા પામેલ હકિકત</u> -

સદરહુ મળી આવેલ રાજેશ પુંજાભાઇ પરમારની પુછપરછ કરતા મજકુર ઇસમે પ્રથમ ગોળ ગોળ અન્ય હકિકતો અલગ અલગ શંકાસ્પદ માહિતી આપતો હોય જેની ઉંડાણપુર્વકની પુછપરછ દરમ્યાન મજકુર ઇસમે જણાવેલ કે પોતાના ગામના પોતાના મિત્ર કિશન જેઠવા નાઓએ જણાવેલ કે તેમના ગામના અન્ય એક મિત્ર મેહુલ પારધી (જે માતાજીના ભુવા) જેઓને એક રાજકોટ રહેતા પરેશ પટેલ દ્વારા કામ આપવામાં આવેલ છે જેમાં એક ભાઇ સાથે મિત્રતા કરી તેને દવા (પદાર્થ) ભેળવી દઇ કે કોઇપણ અન્ય રીતે તેને મારી નાખવાનો છે તેમ જણાવી અને જેમાં પૈસા મળશે તેમ કહેતા પોતે તે કામ કરવા તૈયાર થયેલ અને પોતે જેનુ મોત નીપજાવવાનુ હતુ તેને ઓળખતા નહી હોવાનુ અને બાદ ગઇ તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજ પોતાને કિશન જેઠવા તથા મેહુલ પારધી સાંજના સમયે જેનુ કામ (ખુન) કરવાનુ હતુ તેને દુરથી બતાવેલ હતો અને બાદ પોતે તે વ્યકિત પાસે ગયેલ અને કોઠારીયા સોલવન્ટ ફાટક આગળ સીગ્નલ પાસે પાટાની નજીક બેસેલ અને પોતે આ મરણજનાર મનોજભાઇ સાથે વાતચીત કરી બાદ પોતે તેને પછાડી દઇ નજીકમાં પડેલ મોટા પથ્થરના ઘા મોઢાના ભાગે મારી દીધેલ અને પોતે ત્યાથી જતો રહેલ હોવાનુ અને જે મનોજભાઇનુ ખુન પોતે કરેલ તેના કિશન તથા મેહુલ જેઓએ અગાઉ ૫૦૦૦/- તથા કામ પુરૂ થયેલ ત્યાર બાદ થોડા દિવસ પછી રૂ.૧૦,૦૦૦/- તથા આશરે તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ રૂ. ૭૦,૦૦૦/- આપેલની કબુલાત આપેલ.

સદરહુ ઉપરોકત ઇસમ રાજેશ પરમાર દ્વારા જણાવવામાં આવેલ હકિકત સત્ય છે કે કેમ ? તે બાબતે વધુ તપાસ કરવા સદરહુ ઇસમે જણાવેલ નામ વાળા ઇસમોને રાઉન્ડઅપ કરી અને તેઓ પાસેથી ગુન્હા બાબતેની હકિકત મેળવવી જરૂરી હોય જેથી ડી.સી.બી. પો.સ્ટે. ના પો. સબ ઇન્સ. એમ.એમ.ઝાલા, પો.

હેડ કોન્સ. મહીપાલસિંહ ઝાલા, પો. કોન્સ. ચેતનસિંહ ગોહિલ નાઓ દ્વારા નીચે મુજબના ઇસમોને રાઉન્ડઅપ કરવામાં આવેલ.

**રાઉન્ડઅપ કરેલ ઇસમો –**

(૧) રાજેશ પુંજાભાઇ પરમાર જાતે અનુ. જાતી ઉવ. ૨૫ ધંધો કાંઇ નહી રહે. પારડી ગામ ગોંડલ હાઇવે રોડ, તા.લોધીકા જી.રાજકોટ

(૨) કિશન મનસુખભાઇ જેઠવા જાતે મોચી ઉવ. ૨૭ ધંધો મજુરી રહે. પારડી ગામ તા. લોધીકા જી. રાજકોટ

(૩) મેહુલ રામજીભાઇ પારધી જાતે અનુ. જાતી ઉવ. ૩૧ ધંધો કડીયાકામ રહે. પારડી ગામ તા.લોધીકા જી.રાજકોટ

(૪) પરેશ પરસોતમભાઇ અકબરી પટેલ ઉવ. ૪૭ ધંધો કાંઇ નહી રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ શેરી નં-૮, બ્લોક નંબર એલ-૮૮ અક્ષર માર્ગ, કાલાવાડ રોડ, રાજકોટ

(૫) વીમલ કીરીટભાઇ બાંભવા જાતે ભરવાડ ઉવ. ૨૮ ધંધો ચાની હોટલ રહે. ખોખડદડ ગામ સીંડાવાળી શેરી, તા.જી. રાજકોટ

**રાઉન્ડઅપ કરેલ ઇસમો પાસેથી મળેલ હકિકત –**

- મજકુર પરેશ અકબરી જેઓ બાંધકામનો વ્યવસાય કરતા હોય જેઓનુ બાંધકામનુ કામ સને ૨૦૧૪ માં કોઠારીયા સોલવન્ટ સીતારામ સોસાયટી ખાતે ચાલુમાં હોય જે સમયે તેઓને મરણજનારના પત્ની ફાલ્ગુનીબેન સાથે પરીચય થયેલ હતો.
- પરેશ તથા ફાલ્ગુનીબેન જેઓએ એક બીજા સાથે સને ૨૦૧૭ માં મૈત્રી કરાર પણ કરેલ હોવાની હકિકત પરેશ દ્વારા જણાવવામાં આવેલ છે
- ફાલ્ગુનીબેન ના પતિ મરણજનાર મનોજભાઇ વાઢેર જેઓ અવાર નવાર ફાલ્ગુનીબેનને મારકુટ કરતા હોવાનુ ફાલ્ગુનીબેન દ્વારા પરેશને જણાવવામાં આવેલ.
- ફાલ્ગુનીબેન દ્વારા તેના પતિ મરણજનાર મનોજભાઇ વાઢેર સાથે છુટાછેડા લીધેલ પરંતુ પોતાના સાસુ વૃધ્ધ હોય જેથી પોતે ફરી કરાર કરી અને મનોજભાઇ સાથે રહેવા આવી ગયેલ હતા.
- પરેશ તેના ઓળખીતા પારડી ગામમાં મેલડી માતાજીના ભુવા મેહુલ પારધીના ઘરે આજથી આશરે છ માસ અગાઉ ગયેલ અને જે સમયે મેહુલને જણાવેલ કે તમે એક ભાઇ છે તેને એવુ કાંઇક કરી આપો કે તે થોડા સમયમાં મૃત્યુ પામે પરંતુ તે સમયે મેહુલે જણાવેલ કે માતાજી કોઇનો જીવ લેવાનુ કામ ન કરે.
- બાદ આજથી આશરે ત્રણેક માસ અગાઉ પારડી ગામ શિવલહેરી હોટલ ખાતે પરેશ તથા તેનો મિત્ર વીમલ બાંભવા બન્ને ફરી પારડી ગામના માતાજીના ભુવા મેહુલ પારધીને મળવા ગયેલ જે સમયે તેઓએ એક ભાઇ સાથે મિત્રતા કરાવી અને તેને દવા (પદાર્થ) ભેળવી અથવા ગમે તે રીતે તેનુ મૃત્યુ થાય તેવુ કરી આપવા જણાવવામાં આવેલ જેથી મેહુલએ તે કામ કરી આપશે તેમ જણાવેલ અને જે બાબતે મેહુલએ પોતાની સાથેના પોતાના મિત્ર કિશન જેઠવાને સદરહુ વાત કરેલ હતી.
- બાદ આજથી આશરે એકાદ માસ અગાઉ પારડી ગામ શિવલહેરી હોટલ ખાતે પરેશ તથા વીમલ બાંભવા ગયેલ અને જયા ફરી મેહુલ પારધીને મળેલ હતા જે સમયે ફરી એક વ્યકિતનુ દવા (પદાર્થ) ભેળવી અથવા કોઇપણ રીતે તેનુ મોત થાય તેવુ કામ કરી આપવા જણાવતા મેહુલએ તે કામ કરવાની હા પાડેલ અને તે કામ કરવાના રૂ. ૧૦,૦૦,૦૦૦/- (દશ લાખ) રૂપિયા જણાવેલ.
- ઉપરોકત કામ કરવા અંગે મેહુલ પારધીએ તેના મિત્ર કિશન જેઠવાને વાત કરેલ અને કોઇ ઇસમને આ કામ કરવા તૈયાર કરવા જણાવતા કિશન જેઠવાએ પારડી ગામના રાજેશ પરમાર તેઓને કામ કરવા અને તેમાં પૈસા મળશે તેમ જણાવતા રાજેશ પરમાર જેઓ કામ કરવા માટે તૈયાર થયેલ હતા.
- ઉપરોકત મીટીંગ થયેલ તેના ત્રણ-ચાર દિવસ બાદ ફરી પરેશ પટેલ જેઓ ફરી મેહુલને મળવા માટે પારડી ગામ નવા બનતા મેલડી માતાજીના મંદિર ખાતે ગયેલ જયા પરેશએ મેહુલ તથા કિશન હાજર હોય જેઓને ફરી કામની વાત કરેલ અને દશ લાખ રૂપિયાના બદલે તે રૂ. ૪,૦૦,૦૦૦/- (ચાર લાખ) આપી શકે તેમ હોવાનુ જણાવતા મેહુલ તથા કિશનએ કામ કરવાની હા પાડેલ હતી.

➢ બાદ તા.૨૬/૧૦/૨૦૨૧ ના રોજ મેહુલને પરેશનો ફોન આવતા મેહુલ તથા કિશન જેઓ પરેશને મળવા માટે સાંજના સમયે કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે વીમલની ચાની હોટલ ખાતે ગયેલ જયાથી નજીકમા આવેલ સેડ ખાતે ચારેય ગયેલ અને જે કામના પૈસાની વાતચીત થતા કામ ચાલુ થાય એટલે રૂ. ૨,૦૦,૦૦૦/- (બે લાખ) તથા કામ પુરૂ થાય એટલે રૂ. ૨,૦૦,૦૦૦/- (બે લાખ) આપવાનુ નક્કી કરવામાં આવેલ જેથી પરેશએ રૂ. ૧૦,૦૦૦/- (દશ હજાર) આપેલ હતા.

➢ બાદ તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજ મેહુલ પારઘી, કિશન જેઠવા તથા રાજેશ પરમાર જેઓ સવારના સમયે કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે વીમલની ચાની હોટલ નજીક ગયેલ જયા જે ઇસમનુ કામ કરવાનુ હતુ તે ઇસમને બતાવવાનો હોય જેને જોવા માટે આવેલ પરંતુ તે દિવસે તે ઇસમ એટલે કે મરણજનાર મનોજભાઇ વાઢેર આવેલ ન હોય તેને બતાવી શકેલ નહી.

➢ બાદ તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજ પરેશ પટેલ દ્વારા મેહુલ પારઘી ને ફોન કરી સાંજના આશરે ચારેક વાગ્યા બાદ કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે બોલાવેલ જેથી મેહુલ પારઘી, કિશન જેઠવા તથા રાજેશ પરમાર આવેલ અને જે સમયે વીમલ બાંભવાની હોટલ પાસે મરણજનાર મનોજભાઇ વાઢેર હાજર હોય જેને મેહુલ તથા કિશનના કહેવા મુજબ વીમલ બાંભવા તથા પરેશ પટેલએ બતાવેલ.

➢ મરણજનાર જે મેહુલભાઇ પારઘી તથા કિશન જેઠવા જેઓએ મરણજનારને જોયેલ હોય જેઓએ આ કામ રાજેશ પરમારએ કરવાનુ હોય જેથી રાજેશ આગળ ઉભા હોય તેઓને મરણજનારને બતાવેલ.

➢ મરણજનાર મનોજભાઇ વાઢેર જેઓ વીમલ બાંભવાની હોટલથી ફાટક તરફ જતા રાજેશ પરમાર જેઓ તેની પાછળ ગયેલ અને બાદ મરણનાર સાથે રેલ્વે ફાટક આગળ પાટા પાસે બેસેલ અને જે બેસતા રાજેશ પરમાર દ્વારા ફોન કરી અને કિશનને જાણ કરવામાં આવેલ કે મરણજનાર મનોજ વાઢેર પોતાની સાથે બેસી ગયેલ છે.

➢ બાદ મેહુલ પારઘી તથા કિશન જેઠવા જેઓ કોઠારીયા સોલવન્ટ થી પારડી ગામ શિવલહેરી હોટલ ખાતે જતા રહેલ અને જે સમયે તેઓ રાજેશ પરમાર સાથે ફોનથી કોન્ટેકમાં રહેલ ત્યારે રાજેશ પરમારએ મેહુલ તથા કિશનને જણાવેલ કે મરણજનાર મનોજભાઇ જેઓ મારી પાસે છે તેનુ કામ પુરૂ કરી નાખુ.

➢ બાદ રાજેશ પરમાર જેઓએ મરણજનાર મનોજભાઇ પાસે બેસેલ હોય તેને નીચે પછાડી દઇ તેને ત્યા પડેલ મોટા પથ્થરથી મોઢાના ભાગે ત્રણ ઘા મારી મોત નીપજાવી ત્યાથી જતા રહેલ અને કિશન જેઠવાનો ફોન રાજેશ પરમારને આવતા રાજેશ પરમારએ મરણજનારનુ કામ પુરૂ કરી દીધેલ હોવાનુ જણાવેલ બાદ તે પારડી ગામ જતા રહેલ.

➢ બનાવના બીજા દિવસે તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ મેહુલ પારઘી, કિશન જેઠવા તથા રાજેશ પરમાર જેઓ બનાવની જગ્યાએ સવારના સમયે આવેલ જે સમયે મરણજનાર મનોજ વાઢેરનુ મોત નીપજાવેલ તે જગ્યાએ માણસો ભેગા થયેલ અને પોલીસ આવેલ હોય જે જોતા પોતે ત્યાથી પરત પારડી ગામ જતા રહેલ.

➢ બાદ બનાવના ત્રણ-ચાર દિવસ બાદ પરેશ પટેલ જેઓ મેહુલ તથા કિશનને રૂબરૂ મળેલ અને જે સમયે મેહુલએ કામના પૈસા માંગતા પરેશએ બે લાખ ની વ્યવસ્થા કરી આપવાનુ જણાવેલ અને બીજા દિવસે કિશાન પેટ્રોલપંપ પાછળ ફાટક પાસે કિશનને કામના રૂપિયા બે લાખ આપેલ હતા.

➢ બાદ બનાવ અંગે પરેશ પટેલને પોલીસ બોલાવતા જે વાત તેઓ મેહુલ તથા કિશનને કરતા અને બાદ આશરે છએક દિવસ પહેલા પરેશએ પોતાનુ નામ આ બનાવમાં ન આવે એટલા માટે રાજેશ પરમારને પોલીસમાં હાજર કરી દેવા જણાવેલ અને જેના રૂપિયા ત્રણ લાખ પોતે આપવા તૈયાર થયેલ અને બીજા દિવસે પાળ ગામના કાચા રસ્તે મેહુલ તથા કિશનને રોકડ રૂપિયા ત્રણ લાખ આપેલ હતા પરંતુ તે દરમ્યાન ક્રાઇમ બ્રાન્ચને હકિકત મળતા રાજેશ પરમારને પુછપરછ અર્થે લઇ જવામાં આવેલ હતો.

➢ પરેશ પટેલ દ્વારા મરણજનાર મનોજ વાઢેરનુ કામ પુરૂ કરવા માટે મેહુલ તથા કિશન બન્નેને કામ કરવા માટે કુલ રૂ. ૫,૧૦,૦૦૦/- આપેલ જે રૂપિયા પરેશ જેઓનુ મકાન કોઠારીયા સોલવન્ટ હરીદ્વારાના ગેઇટ પાસે આવેલ જે મકાન છ માસ અગાઉ વેચેલ અને જેના રૂ. છ લાખ પોતાની પત્નીના એકાઉન્ટમાં જમા થયેલ હતા અને બીજા રૂ. ૫,૬૦,૦૦૦/- કટકે કટકે રોકડમાં મળેલ હતા જેમાંથી બે લાખ ઘરે પડેલ હતા તે પ્રથમ આપેલ અને બીજા ત્રણ લાખ જે નાગરીક બેંકના લોકરમાં પડેલ હોય જે લોકરમાંથી કાઢી ચુકવવામાં આવેલ હતા.

## રાઉન્ડઅપ કરેલ ઇસમોએ ગુન્હામાં ભજવેલ ભાગ -

➢ **પરેશ પરસોતમભાઇ અકબરી પટેલ** -

સદરહુ ઇસમ બાંધકામનો વ્યવસાય કરે છે જેને મરણજનાર મનોજભાઇ ના પત્ની ફાલ્ગુનીબેન સાથે પ્રેમ સબંધ હોય અને મરણજનાર ફાલ્ગુનીબેનને અવાર નવાર મારમારતો જેથી મજકુર ઇસમ પારડી ગામના માતાજીના ભુવા મેહુલને મળવા ગયેલ અને મરણજનારનું મોત થાય તેવુ કરી આપવા જણાવેલ પરંતુ માતાજીના ભુવા મેહુલએ માતાજી કોઇનો જીવ નો લે તેમ જણાવેલ બાદ પરેશ આ મેહુલને અવાર નવાર મળેલ અને મરણજનારને કોઇ દવા (પદાર્થ) ભેળવી અથવા કોઇ પણ રીતે તેનુ મોત નીપજાવવા જણાવેલ અને જે બદલ રૂ. ૪,૦૦,૦૦૦/- આપવા જણાવેલ અને જે કામ થઇ જતા પોતે કુલ રૂ. ૫,૧૦,૦૦૦/- અન્ય ઇસમોને આપેલ હતા પરેશ જે મુખ્ય સુત્રધાર છે તેણે પાંચ લાખની સોપારી આપી રાજુ, મેહુલ તથા કિશન સાથે મનોજનુ ખુન કરવાનો વિમલની સાથે પ્લાન ઘડયો હતો.

➢ **વિમલ કીરીટભાઇ બાંભવા** -

સદરહુ ઇસમ જે પરેશ પટેલનો મિત્ર હોય જેથી અવાર નવાર પારડી ગામ ખાતે શિવલહેરી હોટલ ખાતે પરેશ મરણજનારનુ કામ પુરૂ કરવા માટે માતાજીના ભુવા મેહુલ પાસે ગયેલ તે સમયે થયેલ વાતચીત દરમ્યાન તથા બનાવના આગળના દિવસે કોઠારીયા સોલવન્ટ ખાતે સદરહુ વીમલ, પરેશ, મેહુલ તથા કિશન મળેલ હતા અને બનાવ અંગે વાતચીત કરેલ અને જે સમયે પરેશ પટેલએ મેહુલ તથા કિશનને કામકરવાના રૂ. ૧૦,૦૦૦/- આપેલ જે વિમલ પોતાના મિત્ર પરેશ પટેલ સાથે રહેલ હતો અને બનાવના દિવસે પોતે મરણજનારને ઓળખતો હોય જયારે મેહુલ, કિશન જેઓ મરણજનારને ઓળખતા ન હોય જેઓને વિમલેજ મરણજનારને બતાવેલ હતો.

➢ **મેહુલ રામજીભાઇ પારધી** -

સદરહુ ઇસમ જે પારડી ગામનો હોય જયા મેલડી માતાજીનો ભુવા છે અને પરેશ પટેલ તેની પાસે ગયેલ અને મરણજનારને કોઇ દવા (પદાર્થ) મેળવી અથવા કોઇ પણ રીતે તેનુ મોત નીપજાવવા વાત કરેલ જે મેહુલએ પોતાના ગામના પોતાના મિત્ર કિશનને વાત કરેલ અને કિશનએ પોતાના ગામના પોતાના મિત્ર રાજેશ પરમારને વાત કરેલ અને જે પરેશ પટેલ સાથે કામ કરવાની તમામ વાતચીત આ મેહુલ કરતો હતો તેમજ બનાવના દિવસે રાજેશ પરમારના કોન્ટેકમાં રહેલ જે મેહુલ સૌપ્રથમ પરેશના સંપર્કમાં આવેલ અને મેહુલ તથા કિશન દ્વારા સોપારીના રૂપિયા પરેશ પાસેથી સ્વીકારેલ હતા.

➢ **કિશન મનસુખભાઇ જેઠવા** –

સદરહુ ઇસમ જે મેહુલ પારધીનો મિત્ર હોય જે મેહુલ પારધીએ તેને પરેશ પટેલએ કામ આપેલ તેની વાત કરેલ જેથી પ્રથમથીજ તે મેહુલ પારધી સાથે કામ કરવા માટે સાથે રહેલ તેમજ મરણજનારનુ મોત નીપજાવવા માટે પોતાના ગામના પોતાના મિત્ર રાજેશ પરમારને પણ તેણેજ તૈયાર કરેલ તેમજ બનાવના દિવસે રાજેશ પરમારના કોન્ટેકમાં રહેલ.

➢ **રાજેશ પુંજાભાઇ પરમાર** –

મજકુર ઇસમ પારડી ગામનો હોય જયા તેમના ગામના મિત્ર કિશન તથા મેહુલ જેઓએ એક વ્યકિતનુ ખુન કરવાનુ હોવાનુ જણાવી તેમાં પૈસા મળશે તેમ જણાવતા મજકુર કામ કરવા તૈયાર થયેલ અને જે ઇસમ મેહુલ તથા કિશનના કહેવા મુજબ કામ કરતો અને બનાવના દીવસે મજકુરે મરણજનારને માથામાં પથ્થરના ત્રણ ઘા મારી મોત નીપજાવેલ.

ગુન્હો કરવા માટે આપેલ રૂપિયાની વિગત –

- ગુન્હાને અંજામ આપવા માટે પરેશ પટેલએ મેહુલ તથા કિશનને કુલ રૂ. ૫,૧૦,૦૦૦/- ચુકવેલ.
- પરેશ પટેલએ પ્રથમ બનાવ અગાઉ તા.૨૬/૧૦/૨૦૨૧ ના રોજ મેહુલ તથા કિશનને રૂ. ૧૦,૦૦૦/- ચુકવેલ હતા જે રૂપિયા માથી રાજેશ પરમારને રૂ. ૫,૦૦૦/- આપેલ તથા રૂ. ૫,૦૦૦/- મેહુલએ પોતાની પાસે રાખેલ હતા.
- ગુન્હાને અંજામ આપ્યા બાદ પરેશ પટેલ બનાવના બે-ત્રણ દિવસ પછી મેહુલ તથા કિશનને રૂ. ૨,૦૦,૦૦૦/- આપેલ જેમાંથી રૂ.૧૦,૦૦૦/- રાજેશ પરમારને આપેલ તથા અન્ય રૂ. ૧,૯૦,૦૦૦/- જે મેહુલ તથા કિશનએ પોતાની પાસે રાખેલ.
- ગુન્હાને અંજામ આપ્યા બાદ પરેશ પટેલ જેઓએ આશરે ૧૦ અથવા ૧૧ /૧૧/૨૦૨૧ ના રોજ મેહુલ તથા કીશનને રૂ. ૩,૦૦,૦૦૦/- આપેલ હતા જેમાથી રૂ. ૭૦,૦૦૦/- રાજેશ પરમારને આપેલ તથા રૂ. ૧૮,૦૦૦/- મેહુલ પારધીએ રાખેલ બાકીના રૂ. ૨,૧૨,૦૦૦/- કિશનએ પોતાની પાસે રાખેલ.

ગુન્હાહીત ઇતીહાસ –

- રાજેશ પુંજાભાઇ પરમાર જેઓ અગાઉ માલવીયાનગર પો.સ્ટે. ગુ.ર.નંબર ૩૭/૧૫ આઇ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ વિ. મુજબના ગુનહામાં પકડાયેલ છે.
- કિશન મનસુખભાઇ જેઠવા જેઓ સાપર પો.સ્ટે. પ્રોહી ૧૫૨/૧૮ પ્રોહી કલમ ૬૫એએ, ૧૧૬બી મુજબ તથા લોધીકા પો.સ્ટે. ફ. ૬૨/૧૪ આઇ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫ વિગેરે મુજબ તથા સાપર પો.સ્ટે. ફ. ૯૦/૧૭ આઇ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૭, ૫૦૪ વિગેરે ગુન્હામાં પકડાયેલ છે.
- મેહુલ રામજીભાઇ પારધી જેઓ માધવપુર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નંબર ૧૧૨૧૮૦૧૭૨૦૦૫૯૮ /૨૦ પ્રોહી કલમ ૬૬(૧)બી, ૮૫ મુજબના ગુન્હામાં પકડાયેલ છે.
- વીમલ કીરીટભાઇ બાંભવા જેઓ કોટડા સાંગાણી પો.સ્ટે. સે. ગુ.ર.નંબર ૧૬/૧૮ આઇ.પી.સી. કલમ ૨૭૯ એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ પકડાયેલ છે.

કામગીરી કરનાર –

**ક્રાઇમ બ્રાન્ચ પો. ઇન્સ. વી. કે. ગઢવી, પો. સબ ઇન્સ. એમ.એમ.ઝાલા, પો. હેડ કોન્સ. મહિપાલસિંહ ડી. ઝાલા, વીરેન્દ્રસિંહ જાડેજા, યોગેન્દ્રસિંહ જાડેજા તથા પો. કોન્સ. ચેતનસિંહ ગોહિલ.**

ઇનામ –

સદરહુ કામગીરી કરનાર પોલીસ અધિકારી તથા કર્મચારીઓને **રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ દ્વારા રૂ. ૧૫,૦૦૦/- નુ ઇનામ જાહેર કરેલ છે.**

તા.૧૭/૧૧/૨૦૨૧

# રાજકોટ શહેર

# ક્રાઇમ બ્રાન્ચ

## પ્રેસ નોટ

**કુવાડવા જી.આઇ.ડી.સી. પાસે હાઇવે ઉપરથી રાજસ્થાન પાસીંગના ટ્રકના ચોર ખાનામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટા જથ્થો પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ**

મહે. પોલીસ મહાનિદેશક સા. શ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરનાઓએ આગામી તહેવારોને અનુલક્ષીને પ્રોહી. અને જુગારની પ્રવૃત્તિને ડામી દેવા રાજ્યવ્યાપી ડ્રાઇવના અનુસંધાને રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી, મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રવીણકુમાર સાહેબ (ઝોન-૧), તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ (ઝોન-૨) તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, (ક્રાઇમ) ડી. વી. બસીયા સાહેબ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાંથી પ્રોહી./જુગાર અંગેની પ્રવૃત્તિ સદંતર બંધ રહે તે રીતે અસરકારક કામગીરી કરવા માટે તેમજ રાજકોટ શહેર વિસ્તારમાં સતત પેટ્રોલીંગ કરી પ્રોહી. ની પ્રવૃત્તિ ઉપર અંકુશ મેળવવા માટે પોલીસ ઇન્સપેક્ટર વી.કે. ગઢવી ને સુચના આપતા અમારા સીધા માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પો. સ્ટે. ના પો સબ ઇન્સ. એમ. એમ. ઝાલા તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કોન્સ.દિપકભાઇ ડાંગર, ઉમેશભાઇ ચાવડા, ભગીરથસિંહ ઝાલા તથા હેડ કોન્સ. કિરતસિંહ ઝાલા ને સંયુકતરીતે મળેલ હકિકત આધારે કુવાડવા જી.આઇ.ડી.સી. સંદિપ એન્ટરપ્રાઇઝ પાસે હાઇવે ઉપરથી રાજસ્થાન પાસીંગના ટ્રકના ચોર ખાનામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટા જથ્થો પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- આરોપી :-
- (૧) મહિપાલ સ/ઓ. નંદુરામ ઢાઢી જાતે. મીરાસી મુસ્લીમ ઉ.વ. ૨૮ ધંધો. ટ્રક/બસ ડ્રાઇવીંગ રહે. મકાન નં. ૧૫૬, રાજીવનગર – બી, મહામંદીર જોધપુર (રાજસ્થાન)
- (૨) અશોક સ/ઓ. તુલછારામ પ્રજાપતિ જાતે. કુંભાર ઉ.વ. ૨૮ ધંધો. ટ્રક કલીનર રહેગામ. ખારીખુર્દ, તા. બાવડી, કુંમારો કા બાસ, થાના કરવડ જી. જોધપુર (રાજસ્થાન)

- આરોપીનો ગુનાહિત ઇતિહાસ :-
- આ કામનો આરોપી મહિપાલ સ/ઓ. નંદુરામ ઢાઢી ડી.સી.બી. પો. સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૫૨૦૦૦૫૧/૨૦ પ્રોહી. કલમ – ૬૫ (ઇ), ૧૧૬ (બી), ૯૮ (૨) મુજબના ગુનાના કામે પકડાયેલ છે.

- મળી આવેલ મુદ્દામાલ :-

| | | |
|---|---|---|
| ૧ | રોયલ ચેલેન્જ વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ-૩૧૨ | કિ. રૂા. ૧,૫૬,૦૦૦/- |
| ૨ | મેકડોવેલ્સ નં. ૦૧ વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ. ની બોટલો – ૫૭૬ | કિ. રૂા.૩,૮૬,૪૦૦/- |
| ૩ | ટ્રક નં. આર. જે. – ૨૭ – જી. એ. – ૪૦૭૮ | કિ.રૂા.૧૦,૦૦,૦૦૦/- |
| ૪ | બન્ને આરોપીઓની અંગઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ નંગ – ૨ કિ. રૂા. ૨૯૦૦/- તથા રોકડા રૂા. ૧૫૦૦/- | કિ. રૂા. ૪૪૦૦/-<br>કુલ .રૂા.૧૩,૯૦,૮૦૦/- |

➢ <u>વિશેષ નોંધ :-</u>

તાજેતરમાં મહે. ડી.જી.પી. સા. શ્રી ગુ. રા. ગાંધીનગર નાઓ દ્વારા પ્રોહી./જુગાર અંગેની ડ્રાઇવનું આયોજન કરવામાં આવેલ હોય જે અનુસંધાને હયુમન સોર્સની મદદથી પ્રોહી. નો મોટો જથ્થો પકડી પાડવામાં આવેલ છે. પકડાયેલ પ્રોહી. નો જથ્થો કોને કોને આપવાનો હતો ? કયાંથી મોકલવામાં આવેલ હતો ? આ પ્રવૃત્તીમાં કોની કોની સંડોવણી છે ? તે દિશામાં તપાસ ચલાવી રહેલ છે.

➢ <u>આરોપીઓની એમ. ઓ. :-</u>

આ કામના આરોપીઓ ગુજરાત રાજયમાં અલગ અલગ જગ્યાએ થતા વાહનચેકીંગમાં ટ્રક ખાલી હાલતમાં લઇને નીકળતા વાહનચેકીંગ દરમ્યાન કોઇ પ્રોહી. ના જથ્થા સાથે પકડી શકે નહી તેમજ પોલીસને કોઇ શક પડે નહી તેવી રીતે અલગ અલગ પ્રકારના નુસ્ખાઓ અજમાવી ટ્રકની કેબીનના ચોરખાનામાં સંતાડી દારૂનો જથ્થો રાજકોટ સુધી લાવેલ છે.

➢ <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

*રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પો. ઇન્સ. શ્રી વી. કે. ગઢવી, પો.સબ.ઇન્સ. એમ. એમ. ઝાલા, હેડ કોન્સ. ધીરેનભાઇ માલકિયા, અશોકભાઇ કલાલ, કિરતસિંહ ઝાલા, સંજયભાઇ ચાવડા, પો. કોન્સ. મહેશભાઇ મંઢ, હીરેનભાઇ સોલંકી, ઉમેશભાઇ ચાવડા, ભગીરથસિંહ ઝાલા, દિપકભાઇ ડાંગર, જગદીશભાઇ વાંક, દ્વારા કામગીરી કરવામા આવેલ છે.*

*તા.૧૯/૧૧/૨૦૨૧.*

# પ્રેસનોટ

RAJKOT CITY POLICE

## રાજકોટ શહેર ઇમ્પિરીયલ પેલેસ હોટલના રૂમમાં થી જુગારનો અખાડો પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ એહમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રવિણકુમાર મીણા સાહેબ ઝોન-૧ તરફ થી રાજકોટ શહેર વિસ્તારમાંથી પ્રોહી./જુગારની પ્રવૃતિ અટકાવવા માટે અસરકારક કામગીરી કરવા સુચના આપતા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ડી.વી.બસીયા સાહેબ ક્રાઇમ તથા પો. ઇન્સ. વી. કે. ગઢવી ના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પો.સ્ટે. ના પો. સબ ઇન્સ. એમ. એમ. ઝાલા, પોલીસ હેડ કોન્સ. ધીરેનભાઇ માલકિયા, અશોકભાઇ કલાલ, સંજયભાઇ ચાવડા, કિરતસિંહ ઝાલા, પો. કોન્સ. મહેશભાઇ મંઢ, જગદીશભાઇ વાંક, ઉમેશભાઇ ચાવડા, હીરેનભાઇ સોલંકી, ભગીરથસિંહ ઝાલા, દિપકભાઇ ડાંગર નાઓ પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન પો. કોન્સ. મહેશભાઇ મંઢ તથા પો. હેડ કોન્સ. સંજયભાઇ ચાવડા તથા પો. કોન્સ. જગદિશભાઇ વાંક ને મળેલ સંયુકત બાતમી આધારે રાજકોટ શહેર, યાજ્ઞીક રોડ પર આવેલ ઇમ્પિરીયલ પેલેસ હોટલ રૂમ નં-૬૦૫ ખાતેથી

**આરોપી**

(૧) નરેન્દ્રસિંહ ભાવુભા જાડેજા ઉ.વ. ૩૩, રહે રાતૈયા તા. લોધીકા જી. રાજકોટ

(૨) મનીષભાઇ રસીકભાઇ સોંડાગર જાતે. મીસ્ત્રી ઉ.વ. ૪૦ રહે. મવડી હેડ કવા. પાસે, અંબીકા ટાઉનશીપ, જીવરાજપાર્ક, વસંતવાટીકા એપાર્ટમેન્ટ બી/૧૦૧ રાજકોટ

(૩) વિપુલભાઇ કાન્તીભાઇ બેચરા જાતે. પટેલ ઉ.વ. ૪૫ રહે. સાધુવાસવાણી રોડ, કોપર સ્ટોન એપાર્ટમેન્ટ ફલેટ નં. સી/૧૦૨ રાજકોટ

(૪) રસીકભાઇ દેવજીભાઇ ભાલોડીયા જાતે. પટેલ ઉ.વ. ૪૩ રહે રવાપર, શ્રી જી એસ્ટેટ મોરબી

(૫) રાજનભાઇ દિલીપભાઇ મહેતા જાતે. વાણીયા ઉ.વ. ૪૩ ધંધો. વેપાર રહે. મીલપરા શેરી નં. ૭/૨૦ "અરિહંત" રાજકોટ

(૬) ભરતભાઇ મગનભાઇ દલસાણીયા જાતે. પટેલ ઉ.વ. ૪૨ રહે. રવાપર રોડ, સાનીધ્ય પાર્ક, સીલ્વર હાઇટસ એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૫૦૩ મોરબી

(૭) કરણભાઇ ઓધડભાઇ પરમાર (ગમારા) જાતે. ભરવાડ ઉ.વ. ૩૩ રહે. આજીડેમ ચોકડી, માનસરોવર પાર્ક પાસે, સત્યમપાર્ક શેરી નં. ૨ રાજકોટ

(૮) કમલેશભાઇ દયાલજીભાઇ પોપટ જાતે. લોહાણા ઉ.વ. ૫૩ રહે. યુની. રોડ, પંચાયત ચોક, મીલાપનગર શેરી નં. ૧, "જીવતી કુંજ" રાજકોટ

(૯) અરવીંદભાઇ વશરામભાઇ ફળદુ જાતે. પટેલ ઉ.વ. ૪૧ રહે. બાલાજી હોલ, બેકબોન સોસાયટી મેઇન રોડ, "ડાયમંડ" રાજકોટ

(૧૦) પ્રદિપભાઇ ધીરૂભાઇ ચાવડા ઉ.વ. ૨૯ ધંધો. વેપાર રહે. મેટોડા જી.આઇ.ડી.સી ગેટ નં. ૧, સફર સ્વીટ એપાર્ટમેન્ટ, બ્લોક નં. બી/૪૦૨ રાજકોટ

જે ઉપરોકત તમામ દશેય ઇસમો પાસેથી નીચે મુજબનો મુદામાલ કબજે કરવામાં આવેલ છે.

(૧) રોકડ રૂપિયા ૧૦,૨૪,૦૦૦/-.

(૨) મોબાઇલ ફોન નંગ- ૧૩ કુલ કિ.રૂ. ૪,૯૩,૦૦૦/-

(૩) ફોર્ચ્યુનર કાર નંબર જીજે ૦૩ કેસી ૮૫૮૬ કિ.રૂ. ૧૫,૦૦,૦૦૦/-

(૪) સફારી કાર નંબર જીજે ૦૩ જેસી ૯૦૯૦ કિ.રૂ. ૫,૦૦,૦૦૦/-

એમ ઉપરોકત તમામ મુદામાલ કુલ કિ.રૂ. ૩૫,૧૭,૦૦૦/- નો મુદામાલ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે તેમજ ઉપરોકત તમામ દશેય ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે જે ગુન્હાની તપાસ ડી.સી.બી. પો.સ્ટે. ના પો. સબ ઇન્સ. એમ.એમ.ઝાલા નાઓ ચલાવી રહેલ છે.

તેમજ સરદહુ ગુન્હામાં પકડાયેલ દશેય આરોપીઓની પુછપરછ કરતા સદરહુ જુગારધામ જે નરેન્દ્રસિંહ ભાવુભા જાડેજા નાઓ ચલાવતા અને જેઓ પોતાના પરીચયમાં આવેલ ઇમ્પિરીયલ પેલેસ હોટલના મેનેજર જોન કુરીઆ કોશ ને રૂમની વ્યવસ્થા કરી આપવા જણાવતા જેથી સદરહુ મેનેજર જોન જે ઇમ્પિરીયલ પેલેસના રીસેપ્સનીસ્ટ પ્રીતીબેન રામગુલાબ પટેલને જાણ કરેલ કે તમે નરેન્દ્રસિંહને અથવા વીપુલભાઇને રૂમ આપો તેમના પ્રૂફ હું તમને ઇ-મેઇલ કરુ છે અને બાદ સોહીલ જયેશકુમાર કોઠીયા નામનું આધાર કાર્ડ રીસેપ્સનીસ્ટને ઇ-મેઇલ કરેલ જેના નામે રીસેપ્સનીસ્ટ દ્વારા રૂમની એન્ટ્રી કરવામાં આવેલ અને વીપુલભાઇને રૂમની ચાવી આપેલ જે વિપુલભાઇ ઉવ.૪૫ ના છે જયારે રીસેપ્સનીસ્ટને ઇ-મેઇલ કરેલ આઇડીપ્રૂફ વાળા સોહીલ જયેશભાઇ કોઠીયા ઉવ. ૨૨ ના હોય તેમજ તેવા નામવાળા કોઇ ઇસમ ત્યા હાજર પણ ન હોય તેમ છતા રીસેપ્સનીસ્ટ દ્વારા ખાતરી કર્યા વગરજ વીપુલભાઇને રૂમની વ્યવસ્થા કરી આપી રૂમની ચાવી આપેલ જે રૂમનુ પ્રાથમીક તપાસ દરમ્યાન ભાડુ રૂ.૧૫,૦૦૦/- નક્કી કરવામાં આવેલ હોવાનુ જણાય આવેલ છે અને જે ઉપરોકત તમામ ઇસમો હોટલના રૂમમાં તીનપતીનો જુગાર રમી પૈસાની હારજીત કરતા મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે જે જુગારધામમાં ઇમ્પિરીયલ પેલેસ હોટલના મેનેજર તથા રીસેપ્સનીસ્ટ જેઓએ મદદગારી કરેલ હોય જે ઇમ્પિરીયલ પેલેસ હોટલના મેનેજર જોન કુરીઆ કોશ હાજર મળી આવેલ ન હોય જેઓની તપાસ ચાલુમાં છે તેમજ ઇમ્પિરીયલ પેલેસ હોટલના રીસેપ્સનીસ્ટ પ્રીતીબેન રામગુલાબ પટેલ હાજર હોય જેઓ મહિલા હોય જેથી તેઓને નોટીસ આપવામાં આવેલ છે જેઓ ઉપર આગળની કાર્યવાહી કરવામાં આવનાર છે.

અટક કરવાના બાકી આરોપી –

(૧) ઇમ્પિરીયલ પેલેસ હોટલના મેનેજર જોન કુરીઆ કોશ

(૨) ઇમ્પિરીયલ પેલેસ હોટલના રીસેપ્સનીસ્ટ પ્રીતીબેન રામગુલાબ પટેલ.

કામગીરી કરનાર –

ડી.સી.બી. પો.સ્ટે. ના પો. ઇન્સ. વી. કે. ગઢવી, પો. સબ ઇન્સ. એમ.એમ.ઝાલા, પોલીસ હેડ કોન્સ. ધીરેનભાઇ માલકિયા, અશોકભાઇ કલાલ, સંજયભાઇ ચાવડા, કિરતસિંહ ઝાલા, પો. કોન્સ. મહેશભાઇ મંઢ, ઉમેશભાઇ ચાવડા, હીરેનભાઇ સોલંકી, ભગીરથસિંહ ઝાલા, દિપકભાઇ ડાંગર, જગદીશભાઇ વાંક,

તા.૧૦/૧૧/૨૦૨૧

પ્રેસનોટ

# ક્રાઇમ બ્રાન્ચ રાજકોટ શહેર

## પોકેટકોપ એપની મદદથી એકટીવા મોટરસાયકલ સાથે એક ઇસમને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ અહેમદસાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રવીણકુમારસાહેબ (ઝોન-૧) તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, (ક્રાઇમ) ડી. વી. બસીયા સાહેબ દ્વારા મિલ્કત સંબંધિ ગુન્હાઓ અટકાવવા તેમજ ચોરી, લુંટ વિગેરે મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સુચના કરેલ જે કરેલ સુચના અન્વયે અમો પોલીસ ઇન્સપેક્ટર વી.કે. ગઢવી નાઓના સીધા માર્ગદર્શન અને સુચના હેઠળ ડી.સી.બી.પો.સ્ટે.ના પો સબ ઇન્સ. એમ.એમ.ઝાલા તથા ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા.દરમ્યાન રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે.ના પો. હેડ કોન્સ. કીરતસીંહ ઝાલા , પો. કોન્સ. દિપકભાઇ ડાંગર ને હ્યુમન સોર્સ થી મળેલ હકિકત તથા પોકેટકોપ એપની મદદથી શકપડતી મિલ્કત તરીકે એકટીવા મો. સા. કબ્જે કરી મો. સા. ચાલક ઇસમને પકડી કાર્યવાહી કરવામાં આવેલ છે.

➢ આરોપી-

(૧) પ્રશાંત રમેશભાઇ પાંભર – પટેલ ઉ.વ.૩૧ ધંધો. ઇમીટેશનની મજુરી રહે.રણછોડનગર શે.નં.૨૯ સદગુરૂ જયોત એપાર્ટમેન્ટ રાજકોટ

➢ કબજે કરેલ મુદ્દામાલ :-

(૧) ગ્રે કલરનું એકટીવા મો. સા. નંબર GJ-03-JM-3761 જેના ચેસીસ નં. જોતા ME4JF509LGU 023928 તથા એન્જીન નં. જોતા JF50EU 6023977 કી.રૂ. ૪૫,૦૦૦/- ગણી શકપડતી મિલકત તરીકે કબ્જે કરવામાં આવેલ છે.

➢ કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ. એમ.એમ.ઝાલા, પો. હેડ કોન્સ. ધીરેનભાઇ માલકિયા, અશોક કલાલ , કીરતસીંહ ઝાલા , સંજયભાઇ ચાવડા તથા પો. કોન્સ. મહેશભાઇ મંઢ, હીરેનભાઇ સોલંકી, ઉમેશભાઇ ચાવડા, ભગીરથસિંહ ઝાલા, દિપકભાઇ ડાંગર દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા.૧૨/૧૧/૨૦૨૧

# RAJKOT CITY CRIME BRANCH

## રાજકોટ ત્રંબા ગામની સીમમાં આવેલ વાડીમાંથી ટાટા - ૪૦૭ માંથી ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની - ૨૧૧૨ બોટલો કી.રૂ.૮,૫૯,૫૦૦/- સાથે મળી કુલ રૂ.૧૪,૬૪,૫૦૦/- ના મુદામાલ સાથે બે ઇસમોને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુર્શીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન - ૧ શ્રી પ્રવિણકુમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન - ૨ શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ નાઓએ હાલમાં ચાલી રહેલ પ્રોહી/જુગારની ડ્રાઇવ દરમ્યાન શહેર વિસ્તારમાં ગે.કા. દારૂ/જુગારની પ્રવૃતી નેસ્ત નાબુદ કરવા વધુને વધુ કેશો શોધી કાઢવા સુચના કરેલ. જે કરેલ સુચના અન્વયે એ.સી.પી ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ તથા અમો પોલીસ ઇન્સ્પેકટર વી.કે.ગઢવી ના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સપેકટર શ્રી યુ.બી.જોગરાણાની ટીમના સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એ.એસ.આઇ. જે.વી.ગોહિલ તથા પો. હેડ કોન્સ. ભાવિનભાઇ રતન તથા કરણભાઇ મારૂ તથા પો. કોન્સ. ઇન્દ્રજીસિંહ ગોહિલ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકતના આધારે રાજકોટ ત્રંબા ગામની સીમ વૃંદાવન ફાર્મ હાઉસ ની બાજુમાં આવેલ રામજીભાઇ પટેલની વાડીમાં ખેતી કામ કરતા નીચે જણાવેલ બે ઇસમોને ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બોટલો નંગ - ૨૧૧૨ કુલ રૂ. ૮,૫૯,૫૦૦/- તથા ટાટા - ૪૦૭ નં. GJ-03-BW-3609 કી.રૂ.૬,૦૦,૦૦૦/- મળી કુલ રૂ.૧૪,૬૪,૫૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી મસ મોટો ઇંગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :-**

(૧) ભાવેશભાઇ વિરજીભાઇ રાઠોડ જાતે. તળપદા કોળી ઉવ.૨૫ તથા

(૨) જયેશભાઇ વિરજીભાઇ રાઠોડ જાતે. તળપદા કોળી ઉવ.૨૬ રહે.બન્ને ત્રંબા ગામ રામજીભાઇ પટેલની વાડીમાં તા.જી. રાજકોટ

**પકડવાના બાકી આરોપીઓ :-**

(૧) યુવરાજસિંહ પ્રવીણસિંહ જાડેજા રહે. માજોઠીનગર રાજકોટ તથા તપાસમાં ખુલે તે તમામ

**કબ્જે કરેલ મુદામાલઃ-**

(૧) મેકડોવેલ્સ નં. ૧ સુપીરીયર વ્હીસ્કી ની ૭૫૦ ML ની બોટલો નંગ - ૧૫૭૨ કી.રૂ.૫,૮૯,૫૦૦/-

(૨) ઓલ સીઝન્સ ગોલ્ડન કલેકશન રીઝર્વ વ્હીસ્કી ૭૫૦ ML ની બોટલો નંગ - ૫૪૦ કી.રૂ.૨,૭૦,૦૦૦/-

(૩) ટાટા - ૪૦૭ રજીસ્ટર નં. GJ-03-BW-3609 કી.રૂ.૬,૦૦,૦૦૦/-

(૪) મોબાઇલ ફોન નંગ - ૧ કી.રૂ.૫૦૦૦/-

**કુલ રૂ. ૧૪,૬૪,૫૦૦/- નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે.**

**કામગીરી કરનાર અધિકારી તથા સ્ટાફના નામઃ-**

પોલીસ ઇન્સ્પેકટર વી.કે.ગઢવી, પોલીસ સબ ઇન્સ્પેકટર યુ.બી.જોગરાણા, તથા એ.એસ.આઇ. બીપીનદાન ગઢવી તથા જયંતિભાઇ ગોહિલ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ અભીજીતસિંહ જાડેજા તથા પ્રદિપસિંહ જાડેજા, તથા ભાવીનભાઇ રતન તથા કરણભાઇ મારૂ તથા પોલીસ કોન્સ્ટેબલ ઇન્દ્રજીતસિંહ ગોહિલ દ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

તા.૨૫/૧૧/૨૦૨૧